રાષ્ટ્રિય સામાજિક સહાય હેઠળની નવા નામાભિધાનવાળી
વય વંદના યોજના (રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના)ના
સહાયના દરમાં સુધારો કરવા બાબત...

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ઠરાવ ક્રમાંક:વનપ-૧૦૨૦૦૪-આઈ-૬૬-છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭.૩.૨૦૦૭

વંચાણમાં લીધા:
(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬.૧.૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:એનએસએપી/૧૦૨૦૦૨-આઈ-૨૪૬-છ
(૨) ગ્રામીણ વિકાસ મંત્રાલય, ગ્રામીણ વિકાસ વિભાગ, ભારત સરકારનો તા.૪.૧૦.૨૦૦૬નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક:જે/૧૪૦૪૬/૧/૨૦૦૬/એનએસએપી

**// ઠરાવ //**

સંદર્ભ (૧) હેઠળના તા.૬.૧.૨૦૦૫ના ઠરાવથી રાજય સરકારે સ્વીકારેલ રાષ્ટ્રિય સામાજિક સહાય હેઠળની નવા નામાભિધાનવાળી વય વંદના યોજના (રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન સહાય યોજના)માં ભારત સરકારના ઉપર આમુખમાં ઉલ્લેખાયેલ તા.૪.૧૦.૨૦૦૬ના પત્રના અનુસંધાને નીચે મુજબ સુધારેલ જોગવાઈ કરવામાં આવે છે:-

સંદર્ભ (૧) હેઠળના તા.૬.૧.૨૦૦૫ના ઉપર્યુકત ઠરાવના ફકરા-૨ વય વંદના યોજનાના પેટા નિયમ (૧)થી થયેલ જોગવાઈના સ્થાને નીચે મુજબની સુધારેલ જોગવાઈ વાંચવી...

"(૧) આ યોજના હેઠળ ૬૫ વર્ષ કે તે કરતા વધુ ઉંમરની નિરાધાર વ્યક્તિઓને (પુરુષ અને સ્ત્રી)ને માસિક રૂ.૨૦૦/- (રૂપિયા બસો પૂરા)ના દરે સહાય ચૂકવવામાં આવશે."

આ સુધારેલા દરનો અમલ તા.૧.૪.૨૦૦૬થી કરવાનો રહેશે.

આમ, આ ઠરાવથી વય વંદના યોજના હેઠળના નિરાધાર વૃધ્ધોને માસિક રૂ.૭૫/-ને બદલે માસિક રૂ.૨૦૦/- (રૂપિયા બસો પૂરા)ના દરે સહાયની ચૂકવણી કરવાની રહેશે.

તા.૬.૧.૨૦૦૫ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવની અન્ય શરતો યથાવત્ રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૬.૩.૨૦૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ. પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નાણાં સલાહકારશ્રી (સામાજિક ન્યાય), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અશકતતા કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભનવ, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળવિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન (તેમના તાબા હેઠળના સંબંધિત અધિકારીશ્રીઓના ધ્યાને મૂકવા સારુ)
- સર્વે જિલ્લા કલેકટરશ્રી ( તેમના તાબા હેઠળના પ્રાંત અધિકારીશ્રીઓને જાણ અને જરૂરી કાર્યવાહીની વિનંતી સહ.)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ ( તેમના તાબા હેઠળના સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને જાણ અને જરૂરી કાર્યવાહીની વિનંતી સહ )
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. x
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. x
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ. x
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. x
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. x
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. x
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / કોર્પોરેશન
- વિભાગની તમામ શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રી / સીલેકટ ફાઈલ 'છ' શાખા
- સીલેકટ ફાઈલ 'છ' શાખા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,